# UPમાં પ્રચંડ પવન સાથે વરસાદ, 31નાં મોત

**અનેક** જિલ્લાઓમાં વીજ પુરવઠો ખોરવાયો; કાચા મકાનો જમીનદોસ્ત થતા

**ભારે** પવનને કારણે વૃક્ષો અને વીજ થાંભલા ઉખડી ગયા





ભદોહી-ફતેહપુર (ઉ.પ્ર.), તા. 13 (પીટીઆઈ): ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં બુધવારે આવેલા પ્રચંડ વાવાઝોડા અને ભારે વરસાદે ભારે તબાહી મચાવી છે, જેમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 31 લોકોનાં મોત થયાં છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ફતેહપુરમાં સૌથી વધુ 9, ભદોહીમાં 6, બદાયુમાં 5 અને સોનભદ્રમાં 1 વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે.

જિલ્લાવાર નુકસાનની વિગતો:

ફતેહપુરઃ અહીં તોફાનને કારણે 9 લોકોનાં મોત થયાં છે અને 16 લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે. મોટાભાગના મોત મકાનની દીવાલો ધરાશાયી થવાને કારણે થયા હોવાનું એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અવિનાશ ત્રિપાઠીએ જણાવ્યું હતું.

ભદોહીઃ જિલ્લામાં 6 લોકોના મોતની પુષ્ટિ થઈ છે. એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ કુંવર વીરેન્દ્ર કુમાર મૌર્યએ જણાવ્યું કે, વાવાઝોડાને કારણે અનેક વૃક્ષો અને વીજળીના થાંભલા ઉખડી ગયા છે. મોબાઈલ નેટવર્ક ખોરવાઈ જવાને કારણે બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલી પડી રહી છે.

બદાયુઃ અહીં બે સગીર બાળકીઓ સહિત 5 લોકોનાં મોત થયા છે. બિસોલી વિસ્તારમાં ઝૂંપડીની દીવાલ પડતા 10 વર્ષની મૌસમી અને 9 વર્ષની રજનીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અન્ય બનાવોમાં વૃક્ષો ધરાશાયી થવાને કારણે એક ટ્રક ચાલક અને એક યુવકે જીવ ગુમાવ્યો હતો.

સોનભદ્રઃ પન્નુગંજ વિસ્તારમાં 38 વર્ષીય માધવ સિંહ નામના વ્યક્તિ પર વૃક્ષ પડતા તેનું મોત નીપજ્યું હતું.

વાવાઝોડાની તીવ્રતા એટલી વધુ હતી કે અનેક કાચા મકાનો જમીનદોસ્ત થઈ ગયા છે અને વીજ પુરવઠો સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે. તમામ અસરગ્રસ્ત જિલ્લાઓમાં એસડીએમ, તહસીલદાર અને પોલીસની ટીમો રાહત અને બચાવ કામગીરીમાં લાગેલી છે. અધિકારીઓએ આશંકા વ્યક્ત કરી છે કે અંતરિયાળ વિસ્તારોમાંથી વિગતવાર અહેવાલો મળ્યા બાદ મૃત્યુઆંક હજુ વધી શકે છે.

## સીબીઆઈએ ત્રિપુરાના ચિટફંડ કૌભાંડમાં ગુનેગારની ધરપકડ કરી

નવી દિલ્હી, તા. 13 (PTI): સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ ત્રિપુરામાં 7.75 કરોડ રૂપિયાથી વધુના બે ચિટફંડ કૌભાંડના કેસોમાં કથિત રીતે સંડોવાયેલા એક જાહેર કરાયેલા ગુનેગારની ધરપકડ કરી છે. એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આરોપી સંજીત ચક્રવર્તી 2013થી ફરાર હતો, જેની 12 મેના રોજ કોલકાતામાંથી ધરપકડ કરવામાં આવી હતી.

એજન્સીએ જણાવ્યું હતું કે, કોસ્મિક નેગોશિયેટર્સ પ્રાઈવેટ લિમિટેડના સીએમડી ચક્રવર્તી વિરુદ્ધ જાહેર નાણાંની છેતરપિંડી અને ઉચાપત સંબંધિત બે અલગ-અલગ કેસોમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. નિવેદન અનુસાર, પ્રથમ ચાર્જશીટ 2015માં અંદાજે 7.48 કરોડ રૂપિયાની કથિત છેતરપિંડીના સંબંધમાં દાખલ કરવામાં આવી હતી. જ્યારે બીજી ચાર્જશીટ 2024માં અંદાજે 27.13 લાખ રૂપિયાની કથિત ઉચાપતના કેસમાં દાખલ કરવામાં આવી હતી.

## સોનિયા ગાંધીએ મેદાંતા હોસ્પિટલમાં રૂટિન ચેક-અપ કરાવ્યું

નવી દિલ્હી, તા. 13 (PTI): કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ રૂટિન ચેક-અપ માટે ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલની મુલાકાત લીધી હતી. એમ પાર્ટી નેતા જયરામ રમેશે બુધવારે જણાવ્યું હતું. કોંગ્રેસના જનરલ સેક્રેટરી રમેશે કહ્યું કે, "તેઓ હવે ઘરે પરત ફર્યા છે." સૂત્રોના જણાવ્યા અનુસાર, ગાંધીને મંગળવારે રાત્રે 10.30 વાગ્યાની આસપાસ 'મેદાંતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડાયજેસ્ટિવ એન્ડ હેપેટોબિલરી સાયન્સ'માં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલ દ્વારા આ મુલાકાત અંગે કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. અગાઉ, 24 માર્ચના રોજ પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષને તાવના કારણે સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેઓ સાત દિવસ સુધી હોસ્પિટલમાં રહ્યા હતા, જ્યાં તેઓ 'સિસ્ટમિક ઈન્ફેક્શન'માંથી સ્વસ્થ થયા હતા.

# CBSE ધો. 12માં ૮૫ ટકાથી વધુ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ

**પરીક્ષામાં** છોકરીઓએ ફરી એકવાર છોકરાઓ કરતાં ચઢિયાતું પ્રદર્શન કર્યું, પરિણામની ટકવારીમાં ઘટાડો થયો

નવી દિલ્હી, તા. ૧૩ (PTI): સીબીએસઈ દ્વારા બુધવારે ધોરણ ૧૨ની પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં જાણવા મળ્યું છે કે, આ વર્ષે ૮૫ ટકાથી વધુ ઉમેદવારોએ પરીક્ષા પાસ કરી છે.

પરિણામો દર્શાવે છે કે, એકંદર પાસ થવાનો દર ગત વર્ષની સરખામણીમાં ત્રણ ટકાથી વધુ ઘટ્યો છે.

પરીક્ષા નિયંત્રક સંયમ ભારદ્વાજે પુષ્ટિ કરી હતી કે, ૮૫ ટકાથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં સફળ રહ્યા છે. કુલ ૯૪,૦૨૮ ઉમેદવારોએ (કુલ પરીક્ષાર્થીઓના ૫.૩૨ ટકા) ૯૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા છે, જ્યારે ૧૭,૧૧૩ ઉમેદવારોએ (૦.૯૭ ટકા) ૯૫ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કર્યા છે.

સંયમ ભારદ્વાજે જણાવ્યું હતું કે, કમ્પાર્ટમેન્ટ (પૂરક પરીક્ષા)માં મૂકવામાં આવેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૨૫માં ૧,૨૯,૦૯૫ (૭.૬૩ ટકા) હતી, જે વધીને ૨૦૨૬માં ૧,૬૩,૮૦૦ (૯.૨૬ ટકા) થઈ છે. આનો અર્થ એ છે કે, આ વિદ્યાર્થીઓ મુખ્ય બોર્ડ પરીક્ષામાં એક અથવા બે વિષયમાં નાપાસ થયા હોઈ શકે છે, પરંતુ અન્ય વિષયોમાં પાસ થયા છે.

પરીક્ષાઓમાં છોકરીઓએ ફરી એકવાર છોકરાઓ કરતાં ચઢિયાતું પ્રદર્શન કર્યું છે અને ૮૮.૮૬ ટકા પરિણામ નોંધાવ્યું છે, જ્યારે છોકરાઓ માટે આ આંકડો ૮૨.૧૩ ટકા રહ્યો છે. ટ્રાન્સજેન્ડર ઉમેદવારોએ ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ના ૨૨ પ્રદેશોમાં ત્રિવેન્દ્રમ ૯૫.૬૨ ટકા સાથે સૌથી વધુ પરિણામ ધરાવતું રાજ્ય રહ્યું છે.

# તમિલનાડુમાં વિજયની TVK સરકારે વિશ્વાસનો મત જીત્યો

**વિજયે** 144 મતો મેળવીને બહુમતી સાબિત કરી; વિરોધમાં માત્ર 22 મતો પડ્યા

**AIADMKમાં** ફાટફૂટ : 25 ધારાસભ્યોએ વિજય સરકારનું સમર્થન કર્યું, DMKનો વોકઆઉટ

મારી સરકાર હોર્સ ટ્રેડિંગથી નહીં, પણ હોર્સ સ્પીડથી ચાલે છે : વિજય



ચેન્નાઈ, તા. 13 (પીટીઆઈ): તમિલનાડુમાં અભિનેતામાંથી રાજનેતા બનેલા સી. જોસેફ વિજયની આગેવાની હેઠળની ચાર દિવસ જૂની ટીવીકે સરકારે બુધવારે વિધાનસભામાં વિશ્વાસનો મત જીતી લીધો છે. 234 સભ્યોની વિધાનસભામાં સરકારના સમર્થનમાં 144 મતો પડ્યા હતા, જ્યારે વિરોધમાં માત્ર 22 મતો પડ્યા હતા.

આ ફ્લોર ટેસ્ટ દરમિયાન મુખ્ય વિરોધ પક્ષ ડીએમકેએ વોકઆઉટ કર્યો હતો, જ્યારે એઆઈએડીએમકેમાં ભંગાણ જોવા મળ્યું હતું. એઆઈએડીએમકેના 25 બળવાખોર ધારાસભ્યોએ વિજય સરકારને સમર્થન આપ્યું હતું.

વિશ્વાસ મતના પરિણામોએ એઆઈએડીએમકેમાં સ્પષ્ટ બે ભાગલા પાડી દીધા છે. એડપ્પડી પલાનીસ્વામી (ઈપીએસ) જૂથના 22 ધારાસભ્યોએ સરકારની વિરુદ્ધમાં મતદાન કર્યું, જ્યારે એસ.પી. વેલુમણી અને સી.વી. શણમુગમની આગેવાની હેઠળના જૂથે ટીવીકેને સાથ આપ્યો.



## આલિયા ભટ્ટે કાન્સમાં લેવેન્ડર આઉટફિટમાં 'ઓલ્ડ-હોલીવુડ ગ્લેમર' પાથર્યું



કાન્સ, તા. 13 : આલિયા ભટ્ટે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં વધુ એક શાનદાર રેડ કાર્પેટ દેખાવ સાથે ફરી એકવાર સૌનું ધ્યાન ખેંચ્યું હતું. અભિનેત્રી લેવેન્ડર રંગના અત્યંત સુંદર ફ્લોર-લેન્થ આઉટફિટમાં જોવા મળી હતી, જેમાં પાતળી નૂડલ સ્ટ્રેપ્સ અને એક આકર્ષક ડિઝાઇન હતી, જે સાંજની ભવ્યતા સાથે સંપૂર્ણ રીતે મેળ ખાતા હતા. જ્યારે ઓનલાઇન પ્લેટફોર્મ પર આલિયાના આઉટફિટના વખાણ થયા, ત્યારે તેના ખાસ લેસ ચોકર ચાહકો અને ફેશનરસિકોમાં ચર્ચાનો વિષય બની ગયો. અભિનેત્રીએ સ્ટાઇલિંગને ખૂબ સાદી છતાં પ્રભાવશાળી રાખી હતી, જેથી સોફ્ટ પેસ્ટલ આઉટફિટની સામે જ્વેલરીનો તે ભાગ ઊભરી આવ્યો. આલિયાએ ફેસ્ટિવલમાં 'લા વી ડી'યુન ફેમ'ના સ્ક્રીનિંગમાં હાજરી આપી હતી.

## લક્ષ્મી આવી રહી છે : દિલજીત દોસાંઝે શિકાગોના કપલ માટે જેન્ડર રિવિલ યાદગાર બનાવી



શિકાગો, તા. 13 : ગાયક-અભિનેતા દિલજીત દોસાંઝે તેના શિકાગો શો દરમિયાન એક પ્રેગ્નેન્ટ કપલને તેમના બાળકની જાતિ જાહેર કરવામાં મદદ કરી, જેનાથી કોન્સર્ટની એક સામાન્ય ક્ષણ વ્યક્તિગત અને ખાસ બની ગઈ હતી. આ ઘટના તેની 'ઓરા ટૂર 2026'ના સ્ટોપ દરમિયાન ઓલસ્ટેટ એરેનામાં બની હતી. પર્ફોર્મન્સની વચ્ચે દિલજીતે જોયું કે એક ફેન તેના હાથમાં પ્લેકાર્ડ પકડીને ઊભો હતો, જેમાં તેને બાળકની જાતિ જાહેર કરવા વિનંતી કરવામાં આવી હતી. તેણે શો અટકાવીને તે નોટ વાંચી અને લાઈમલાઈટ તે કપલ તરફ વાળી દીધી. નોટ ખોલ્યા પછી દિલજીતે પ્રેક્ષકો સાથે સમાચાર શેર કર્યા. તેણે કહ્યું, "મુબારક હો, તમારા ઘરે લક્ષ્મી આવી રહી છે" અને કપલને આશીર્વાદ આપીને તેમના સારા ભવિષ્યની કામના કરી હતી.

## ધૂરંધરના જવાબમાં બનાવાયેલી પાકિસ્તાની ફિલ્મ મેરા લ્યારી એક જ દિવસમાં ઉતારી લેવાઇ



કરાચી, તા. 13 : પાકિસ્તાની નાટક મેરા લ્યારી સિનેમાઘરોમાં ભારે ચર્ચા અને આદિત્ય ધારની ધુરંધર સાથે સરખામણી સાથે પ્રવેશ્યું, છતાં હવે અહેવાલો સૂચવે છે કે ફિલ્મ બોક્સ ઓફિસ પર પડી ભાંગી છે, પાકિસ્તાનના કેટલાક થિયેટરોએ ખૂબ જ ઓછા પ્રેક્ષકો અને લગભગ ખાલી શોને કારણે થોડા જ દિવસોમાં તેને પડતી મૂકી દીધી છે. પાકિસ્તાની મીડિયાને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે મેરા લ્યારીએ તેના શરૂઆતના શોમાં ખરાબ પ્રદર્શન કર્યું હતું.

# મુલાયમના પુત્ર પ્રતીકનું 38 વર્ષની વયે આકસ્મિક નિધન

**બુધવારે** વહેલી સવારે તબિયત લથડતા પ્રતીક યાદવને હોસ્પિટલ ખસેડાયા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા

**મુખ્યમંત્રી** યોગી આદિત્યનાથે પ્રતીક યાદવના નિવાસસ્થાને જઈને શ્રદ્ધાંજલિ અર્પી



લખનઉ, તા. 13 (પીટીઆઈ): સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમ સિંહ યાદવના નાના પુત્ર અને અખિલેશ યાદવના ભાઈ પ્રતીક યાદવનું 38 વર્ષની વયે બુધવારે વહેલી સવારે નિધન થયું છે.

ફિટનેસના શોખીન અને વ્યવસાયે ઉદ્યોગસાહસિક એવા પ્રતીક યાદવની તબિયત અચાનક બગડતા તેમને સવારે 5.10 વાગ્યે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યાં હતાં.

હોસ્પિટલના ડાયરેક્ટર ડો. જી.સી. ગુપ્તાએ જણાવ્યું કે, પ્રતીક યાદવને મૃત અવસ્થામાં જ લાવવામાં આવ્યા હતા. મોતનું સચોટ કારણ જાણવા માટે પેનલ ડોક્ટરો દ્વારા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે.

પ્રાથમિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ અનુસાર, પ્રતીક યાદવનું મૃત્યુ 'મેસિવ પલ્મોનરી થ્રોમ્બોએમ્બોલિઝમ'ને કારણે થયેલા 'કાર્ડિયોરેસ્પિરેટરી કોલેપ્સ' (હૃદય અને ફેફસાંનું અચાનક કામ બંધ કરી દેવા)થી થયું છે.

# મણિપુરમાં આતંકવાદી હુમલામાં ત્રણ ચર્ચ નેતાનાં મોત

**આ** હિંસાના વિરોધમાં કુકી પ્રભુત્વ ધરાવતા કાંગપોકપી જિલ્લામાં સંપૂર્ણ બંધ પાળવામાં આવ્યો

ઈમ્ફાલ, તા. 13 (પીટીઆઈ): મણિપુરના કાંગપોકપી જિલ્લામાં બુધવારે શંકાસ્પદ આતંકવાદીઓએ કરેલા હુમલામાં ત્રણ ચર્ચ નેતાઓના મોત થયા છે અને અન્ય ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટના ત્યારે બની જ્યારે 'થાદૌ બેપ્ટિસ્ટ એસોસિએશન' (ટીબીએ)ના સભ્યો ચુડાચાંદપુર ખાતે ધાર્મિક સભામાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. આતંકવાદીઓએ કોટઝિમ અને કોટલેન ગામો વચ્ચે તેમના બે વાહનો પર ઓચિંતો હુમલો કર્યો હતો.

મૃતકોમાં મણિપુર બેપ્ટિસ્ટ કન્વેન્શનના ભૂતપૂર્વ જનરલ સેક્રેટરી રેવરન્ડ વી. સિતલહોર, રેવરન્ડ કૈગૌલેન અને પાસ્ટર પાઓગૌલેનનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી વાય. ખેમચંદ સિંહે આ ઘટનાની સખત નિંદા કરતા તેને શાંતિ ખોરવવાનું કૃત્ય ગણાવ્યું છે. તેમણે ઈજાગ્રસ્તોની હોસ્પિટલમાં મુલાકાત લીધી અને જાહેરાત કરી કે રાજ્ય સરકાર તેમની સારવારનો તમામ ખર્ચ ઉઠાવશે. આ હિંસાના વિરોધમાં કુકી પ્રભુત્વ ધરાવતા કાંગપોકપી જિલ્લામાં સંપૂર્ણ બંધ પાળવામાં આવ્યો હતો અને નેશનલ હાઈવે-2 પર વાહનોની અવરજવર અટકી ગઈ હતી.

કાંગપોકપીની ઘટના ઉપરાંત, નોની જિલ્લામાં પણ હિંસા થઈ છે. રાત્રે અંદાજે 8 વાગ્યે જોઝાંગતેક અને નુંગસાઈ ગામો વચ્ચે શંકાસ્પદ આતંકવાદીઓએ એક દંપતી પર હુમલો કર્યો. જેમાં વિલ્સન થાંગા નામના નાગરિકનું ઘટનાસ્થળે જ મોત થયું છે, જ્યારે તેમની પત્ની ઈજાગ્રસ્ત થઈ છે. તેઓ ઈમ્ફાલથી પોતાના ગામે પરત ફરી રહ્યા હતા.

નાગા ધારાસભ્યોના ફોરમ અને કુકી સંગઠનોએ પણ આ હત્યાઓને વખોડી કાઢી છે અને ગુનેગારોને વહેલી તકે પકડવા માગ કરી છે. કુકી ઈનપી મણિપુરે જણાવ્યું કે રેવરન્ડ સિતલહોર એક શાંતિદૂત હતા જેઓ તાજેતરમાં જ સમાજમાં સુમેળ સાધવાના પ્રયાસોમાં સક્રિય હતા. બીજી તરફ, મૈતી સંગઠન 'આરામબાઈ તેંગગોલ'એ આ હુમલામાં તેમની સંડોવણી હોવાના આરોપોને પાયાવિહોણા ગણાવી નકારી કાઢ્યા છે.

# અમેરિકામાં વિઝા કૌભાંડ : 10,000 વિદેશી વિદ્યાર્થીઓ તપાસના ઘેરામાં

**આ** વિદ્યાર્થીઓમાં અનેક ભારતીયો પણ સામેલ, બનાવટી કંપનીઓ દ્વારા વિદ્યાર્થીઓને બનાવટી ઓફર લેટર આપવામાં આવતા

**માત્ર** વિઝા છેતરપિંડી જ નહીં, પરંતુ જાસૂસી, ડેટાની ચોરી અને સાયબર કૌભાંડો જેવી ગંભીર પ્રવૃત્તિઓ થતી હોવાની આશંકા

વોશિંગ્ટન, તા. 13 (પીટીઆઈ): અમેરિકાના ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ) વિભાગે વિઝા છેતરપિંડીના એક મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. વિભાગે આશરે 10,000 જેટલા વિદેશી વિદ્યાર્થીઓની ઓળખ કરી છે, જેમાં મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. આ વિદ્યાર્થીઓ પર ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી) પ્રોગ્રામનો દુરુપયોગ કરીને શંકાસ્પદ કંપનીઓમાં કામ કરતા હોવાનો આરોપ છે.

ઓપીટી પ્રોગ્રામ હેઠળ વિદેશી વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ બાદ 12થી 24 મહિના સુધી અમેરિકામાં કામ કરવાની મંજૂરી મળે છે, જે બાદમાં એચ-1બી વિઝા મેળવવામાં મદદરૂપ થાય છે.

આઈસીઈના કાર્યકારી નિયામક ટોડ લ્યોન્સે જણાવ્યું હતું કે, આ પ્રોગ્રામ હવે છેતરપિંડી માટેનું મુખ્ય કેન્દ્ર બની ગયો છે. તપાસ દરમિયાન જાસૂસી, બૌદ્ધિક સંપદાની ચોરી અને રોજગારલક્ષી છેતરપિંડીના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે.

તપાસમાં એક આઘાતજનક વિગત એ પણ બહાર આવી છે કે, અનેક ઓપીટી લાભાર્થીઓનું સંચાલન ભારતમાં બેઠેલા કર્મચારીઓ દ્વારા કરવામાં આવતું હતું. આ બાબત પ્રોગ્રામના મૂળભૂત નિયમોનું ઉલ્લંઘન છે, કારણ કે તેમાં અમેરિકામાં રહીને જ તાલીમ અને માર્ગદર્શન મેળવવું અનિવાર્ય હોય છે.

લ્યોન્સે ઉમેર્યું કે, શરૂઆતમાં આ પ્રોગ્રામ માત્ર થોડા હજાર વિદ્યાર્થીઓ માટે હતો, પરંતુ હવે તે લાખો વિદેશી કામદારો માટેનો અનિયંત્રિત માર્ગ બની ગયો છે. અમેરિકી વહીવટીતંત્રે સ્પષ્ટ કર્યું છે કે વિદેશી વિદ્યાર્થી કાર્યક્રમ દ્વારા ઉભા થતા સુરક્ષા જોખમોને કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. આ છેતરપિંડીને અમેરિકી લોકોની ઉદારતા પરના હુમલા સમાન ગણાવવામાં આવી છે.

## મહારાષ્ટ્રમાં એટીએસના 40થી વધુ સ્થળોએ દરોડા

મુંબઈ, તા. 13 (PTI): મહારાષ્ટ્ર એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)એ બુધવારે મુંબઈ સહિત રાજ્યભરમાં 40થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા હતા, જેમાં પાકિસ્તાન સ્થિત ગેંગસ્ટર શહેઝાદ ભટ્ટીના સંપર્કમાં રહેલા વ્યક્તિઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઓછામાં ઓછા 53 વ્યક્તિઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભટ્ટી, જે વિદેશથી તેની ગેંગ ચલાવતો હતો, તે કથિત રીતે સોશિયલ મીડિયા દ્વારા ભારતના યુવાનોને દેશવિરોધી પ્રવૃત્તિઓ તરફ પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. મુંબઈ, અકોલા, નાંદેડ, પુણે, મીરા રોડ (થાણે જિલ્લો), નાલાસોપારા (પાલઘર જિલ્લો), નાસિક, જલગાંવ, નાગપુર અને રાજ્યના અન્ય વિવિધ સ્થળોએ સવારથી દરોડા પાડવામાં આવી રહ્યા હતા. અધિકારીએ કહ્યું કે, એટીએસ પાસે કેટલાક શંકાસ્પદ વ્યક્તિઓની પ્રવૃત્તિઓ વિશે ચોક્કસ માહિતી હતી, જેઓ કથિત રીતે ભટ્ટી અને તેની સિન્ડિકેટના સંપર્કમાં હતા. રાજ્યભરમાં આવા 53 વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી હતી અને તેમના લોકેશન શોધી કાઢ્યા બાદ પૂછપરછ કરવામાં આવી રહી હતી. તપાસકર્તાઓને જાણવા મળ્યું હતું કે કથિત રીતે શહેઝાદ ભટ્ટી મોડ્યુલ સાથે જોડાયેલા ઓપરેટિવ્સ દ્વારા દિલ્હીમાં એક ઐતિહાસિક મંદિર, દિલ્હી-સોનીપત હાઈવે પર એક લોકપ્રિય ઢાબા અને હરિયાણામાં લશ્કરી કેમ્પ પર હુમલાનું આયોજન કર્યું હતું.

